श्री गोकुलेन्दुर्जयति.

લાલબાવાનાંલગ્ન

અને

મંદીરમાં ધામધુમ.

પ્રસીદ્ધ કરનાર,

મગનલાલ વનમાળીદાસ ભક્ત.

"દેશી મિત્ર" એનજીન પ્રિન્ટિંગ પ્રેસ-સુરત.

કીંમત ૦-૦-૬ ૭ પાઈ.

લાલબાવાં લગ્ન

અને

મંદીરમાં ધામધુમ.

ગૌસ્વામી શ્રી ૧૦૮ શ્રી બ્રીજરત્નલાલજી મગનલાલ
જી મહારાજના લગ્નોત્સવનું વર્ણન.

ॐ પ્રણુમુ, શ્રી અંતર યામી,
સુમતિ જશજય આપો— ॐ
આપ કૃપા થાતાં, મુક વદતા,
ચડતા પંગુજન ગિરિએ.
સકળ વિઘ્ન પ્રભુ કાપો— ॐ
શરણે રહી માગું, સહાય કરજો,
પ્રકટી મતિ મન વાણીમાં.
નરહરિ કર શિર સ્થાપો— ॐ

કરતા હું કશુંએ નહીં, કરતા નરહરી નાથ;
અંતર રહી કરતા બધું, ગૃહિ સેવકનો હાથ.
અકળ લીલા પ્રભુજી તણી, જાણી શકે જીવ કેમ;
જણાવવી જે જે ઘટે, પ્રેરે બુદ્ધી તેમ;

વ્હાલો, વ્હાલો, જસોદાનો લાલો, વ્હાલમ લાગે વ્હાલો,
આઠ અંગે રૂડો ને રૂપાળો—વ્હાલમ લાગે વ્હાલો.
સુંદર ઘન શ્યામ, સુખ પાલે બિરાજે,
આદિત્ય લાલ બાલ શોભે છે આજે,
મનહર મુખ મલકાવે કહાનો કાલો—હાં—વ્હાલો,
મોર મુગટ શીર શોભતો, કુંડળ લટકે કાન,
સર્વાંગે શોભે અતી, આભુષણુ મુલ્યવાન
કર કંકણુ કંચન તણા, કંઠે નવસર હાર;
નીલમ નંગે જડયો, તેજ તણો અંબાર.
માધવા મુકુંદને મોતીડે વધાવોને,
ગોપિકા ગોવિન્દજીના, ગુણ નીશદિન ગાવોને,
તનમન અર્પીને આનંદે મ્હાલો—હાં—વ્હાલો,

(લાવણી.)

સુર્ય સુતા સરિતાને તીરે, શહેર સુરત સારૂ શોભે;
શ્રીમંત શેઠની હવેલીઓ, મંદીર ભાળીને મન લોભે.
બળવંતા શ્રી બાળ કૃષ્ણજી, બાળે વેષ બીરાજે છે;
વૈશ્નવ જનના જે જે નાદથી, મંદીર મનહર ગાજે છે.
શ્રી કૃષ્ણચંદ્ર કીરતાર કૃપાથી, દુધે મેઉલા વરસ્યા છે;
લગ્ન લાલબાવાનાં જાણી, વૈશ્નવ જન સૌ હરખ્યા છે,
મગનલાલ મહારાજ તણા તન, વૈશ્નવ જનને વહાલા છે;
બોલો જય બ્રિજરત્નલાલની, બાવા બહુ ગુણવાળા છે.

(ચાલો ચાલોરે સાહેલી સૌ સાથ)

રૂડુ મનોહર મંદીર વિશાળ, જોવાને જઇએ
જયાં બિરાજે ગોંસાઇઆલાલ, જોવાને જઇએ
કારભારીઓ કારજ કાજે, કરતા હોંશથી કામરે.
જાળી, જરૂખા, મંદીર મનોહર, રંગાવ્યુંજ તમામ. જોવાને.
રમણીય મંડપ રૂડો રચ્યોછે, શોભાનો નહીં પારરે,
આસોપાલવના તોરણે શોભે, જાણે ઈંદ્ર તણો
દરબાર. જોવાને.
વ્હાલે ધરી મહિલાઓ પ્રેમે, પ્હેરી વિવિધ શણગારરે
બળવંતા શ્રી બાળકૃષ્ણની, બોલતા જય-જયકાર. જોવાને.

ગીતી.

ગણનાયક વરદાયક, થઇ સ્હાયક સુખ દાયક વિભુ મારા,
શુભઆરંભે સ્મરતાં, સુર સમુદાયક સ્મરતાં પ્રભુપ્યારા.

દોહરો.

જય જય જગના રાજને, જય છાંસેઠનું સાલ;
લગ્ન લાલબાવા તણા, નિર્ધાર્યા સુભ કાલ. ૧
ધન મંગળ દિન આજનો, ધન મંગળ ઘડી આજ;
મંગળ ગાયે માનુની, મંગળનાજ અવાજ. ૨
મોતી તન તુલા તણા, પ્રથમ નમ્ર પોકાર;
સ્હાય થજો ઘનસ્યામજી, સુભ કારજ મોંઝાર. ૩

(કંકુ છાંટી કંકોતરી મોકલી)

સજની આજે મંગળ દીન જાણીએ. (૨)
ગાઇએ ધવળ મંગળ ગીત, ધરી મન પ્રીત
અવસર રૂડો આવીઓ.

આજે સોનાનો સુરજ ઉગીઓ. (૨)
થાઓ આનંદ ઓચ્છવ ઘેરે ઘેર, માનો પ્રભુ મે'ર
અવસર રૂડો આવીઓ.

જીરે સંવત ઓગણીસ છાસેઠનું. (૨)
રૂડુ એહુ છે મંગળ સાલ, વિવાહુ વિશાળ.
અવસર રૂડો આવીઓ.

જીરે ગ્રીષ્મ રૂતુ રળીઆમણી. (૨)
રૂડો ચાલતો ચઇતર માસ, વૈષ્ણવ ઉલ્લાસ,
અવસર રૂડો આવીઓ.

સજની સુવસ્ત્ર સજીને સંચરો. (૨)
પ્રેમે પેરી પૂરણ શણગાર. થાઓ તૈયાર
અવસર રૂડો આવીઓ.

આજે આનંદ ઓચ્છવ માનો બેનડી. (૨)
વદી પડવા તીથીનો બા'ર, સુખક સોમવાર.
અવસર રૂડો આવીઓ.

પ્રસંગોપાત વિવેચન.

ગોલોકવાશી વલ્લભકુળભૂષણ મહારાજશ્રી મગનલાલજી મહારાજના ગોલોક સમયે હાલના મહારાજશ્રી શ્રીજરત્નલાલજી સગીર ઉમ્મરના હોવાથી તેમના જાતના વાલી તરીકે પરલોકવાશી જશોદા બેટીજી નિમાયા હતા, અને મિલ્કતના સંરક્ષણાર્થે વાલી તરીકે અત્રેના મેહેરબાન કલેકટર સાહેબ નિમાયા હતા. જશોદા બેટીજીએ લાલજીનું લાલનપાલન કરી તેમને ઉછેર્યા અને જનોઇ દેવાની ક્રીયા સ્વહસ્તે કરાવી, પણ કાળની ગતી ન્યારી છે, પોતાને હાથે ઉછેરેલા લાલબાળનો આ લગ્ન પ્રસંગનો શુભ સમય જોવા તેઓ પામ્યા નહીં, અને તેઓ પણ પોતા પાછળ આ લાલબાવાને મુકી આ અસાર સંસારનો ત્યાગ કરી ચાલી ગયા. હવે લાલબાવા ધીમે ધીમે ઉમ્મર લાયક થવાથી તેમના લગ્નતો થવાંજ જોઇએ તેથી તેમના માટે કન્યા વીગેરે ખોળી લાવવાનું કામ વૈશ્નવ આદી ગ્રહસ્થોને માથે આવી પડ્યું, અને તે માફક અત્રેના જાણીતા વૈશ્નવ ગ્રહસ્થ સરદાર ઇશ્વરદાસ જગજીવનદાસ સ્ટોર મદ્રાસ વીગેરે બાજુ તરફ કન્યાની ભાળ માટે ગયા, અને ત્યાંથી કન્યા ખોળી અત્રે લાવ્યા અને તેની સાથે લાલબાવાના વિવાહ થયા, જે બાદ લગ્ન સમારંભ માટે ચૈત્ર વદ ૧નો દિવસ નક્કી થયો, અને ગામેગામ વૈશ્નવોમાં તેમજ મહારાજોમાં કંકોત્રીઓ નીકળી, અત્રેના તેમજ બહારગામના વૈશ્નવો પોતાના વૈશ્નવરાજનો આ શુભ માંગલીક દીવસ આવેલો જાણી હરખમાં

આવી ગયા, મંદીરમાં પ્રથમ રંગરોગાનની ધામધુમ ચાલવા માંડી. રંગબેરંગી રંગોથી મંદીરને રંગી શુશોભીત બનાવવા સાથે ઝુમ્મરોના ભપકાવાળો મંડપ રચાયો, તેમજ કન્યાના ઉતારા માટે નાણાવટમાં આવેલી શેઠ તાપીદાસ વરજદાસની વીઠુલવાડી પસંદ થઇ અને ત્યાં પણ શુશોભીત મંડપ બાંધી કન્યાને ઉતારો અપાયો, તા૦ ૨૦ મા એપ્રીલને દીને રીવાજ મુજબ મહારાજશ્રી તરફથી પુલેકું નિકળી કન્યાનું માંગુ થયું અને જે કબુલાયા બાદ લાલબાવા વરરાજાના સોનેરી વસ્ત્રાભુષણથી સજ્જ થઇ ઘોડેશ્વાર થઇ વિવાહ કબુલાવવા ગયા, અને તે પ્રસંગે અગાડી, પોરબંદરના મહારાજશ્રી જીવણુલાલજી, અમદાવાદના મહારાજ વીગેરે ડંકાનીશાન તથા વાજાના ધ્વની સાથે અગાડી ચાલતા હતા. આ પ્રસંગ જોવાને વૈશ્નવો સારી સંખ્યામાં એકઠા થયા હતા, જે બાદ બીજે દીને મંડપ મુહૂર્તની તથા ત્રીજે દીને ગ્રહશાંતિ વીગેરેની ક્રીયાઓ થઇ હતી. અને તા૦ ૨૩ મી એ રાત્રે મહાજશ્રીને ત્યાં મુંબાઇના શા૦ દયારામ હરજીવનદાસ રૂમાલવાળાના તરફથી ધામધુમ સહીત મોસાળુ કરવામાં આવ્યું હતું.

આ લગ્ન નિમિત્ત ચૈત્ર વદ ૮ ને દિવસે વણીક મહાજન જમવાનું નક્કી થયુ છે, તેમજ દરેક વણીક જ્ઞાતિઓ તરફથી તેમજ જીલ્લાઓ તરફથી વૈશ્નવ સ્ત્રીઓના ટોળેટોળાં વાજીંત્ર સહીત લાડકા લાડુની થાળીઓ લઇ મંદિરે જતી નજરે પડે છે. આ અલભ્ય પ્રસંગનો લાભ લેવા દેશ પ્રદેશથી ધીમે ધીમે પુષ્કળ વૈશ્નવો આવતા જાય છે. **તથાસ્તુ.**

લગ્નની શોભાનો મહીમા.

(રાગ—બુરાનપોરી ગરબો)

કે સુત મગનલાલજીના લાલ
તેના લગનનો હેવાલ.
કહું અંતર આણી વહાલ—સાંભળજો તમે.
બ્રીજરતનલાલજી નામ.
સુરત શહેર સુંદર ધામ.
ત્યાં તો કીધો છે મુકામ—બ્રીજરતનલાલે.
તેનાં લગનની ધુમ ધામ,
લગન તણું શુભ કામ.
મ્હોટા મંદીર મુકામ—થાએ હોંસથી.

સાખી.

દેશ દેશાવરથી આવીયાં, પુષ્કળ વૈષ્ણવભાય.
વૈષ્નવભાઇને હઇડે, હરખ નવસમાય,
હઇડે હરખ નવસમાય.
અનીહાંરે હરખ નવસમાય.
લોકો ટોળે ટોળા જાય,
દર્શન કરી સુખીયાં થાય.
મંડપ શોભ ત્યાં નીરખાય—ઘણી હોંસથી

વૈષ્ણવોની પુશ્કળ જાત,
તેની ભાત ભાતની ન્યાત
લાવે લાડકાલાડુ સાથ.— સહુ ટોળે મળી.
મદ્રાસ જે છે મોટું શેહેર,
ત્યાંથી આવી કન્યા ઘેર.
ઇશ્વરદાસ સ્ટોર વેર—ઘણી હોંશથી,

સાખી.

વૈશ્નવો મન હરખ્યાં અતી, આવી કન્યા ઘેર.
લગ્ન મુહુર્ત જોવાડીયાં, ગાજ્યું સુરત શહેર,
ગાજ્યું સુરત શહેર.
અનીહાંરે સુરત શાહેર,
કહું લગ્ન વીધીની પેર.
આનંદ ઉત્સવ ઘેરેઘેર,
મોટે મંદીર લીલા લ્હેર—મંડપ શોભા ઘણી.
ચૈતર સુદ અગીઆરસ,
થઈ ધામધુમ ત્યાં બસ.
માગુ કરવા ગયા બસ—મહાશાજો મળી,
માંગુ કરી આવ્યા ઘેર.
લાલબાવાથી સુખ પેર,
આપી કન્યા તેમને ઘેર—રૂડી રીતથી,

સાખી.

કબુલ કરાવવા ચાલીયું, પુલેકું સૌ સાથ.
જુદા જુદા મહારાજો ઘણાં, લાલબાવાની સંગાથ,
લાલબાવાની સંગાથ,
અની હાંરે બાવા સંગાથ.
લોકોનો નહીં લાગે થાગ.
વૈષ્ણવો પણ છે અથાગ;
શોધ્યો નવ જડે માગ— ભીડાભીડ ઘણી.
શોભે લાલબાવા ત્યાંય,
સોનેરી કપડાની માંય.
એ તો સજ થઇ જાય— વીઠવવાડી ભણી.

સાખી.

કાંકરોળી, પોરબંદર, અને કામવન શીરતાજ,
અમદાવાદ ને ઇંદોર થકી, પધારીયા મહારાજ.
પધારીયા મહારાજ.
અનીહાંરે પધાર્યા મહારાજ,
જોઇ લગન રૂડુ કાજ.
સાથે રસાલાનો સાજ
ખરે વૈષ્ણવોના રાજ— બધા મહારાજો.
ક્રિયા જુદી જુદી બહુ

શું શું વિસ્તારીને કહું.
સાથે આનંદ હું પણ લહું.— ઘણા પ્રેમથી.

સાખી.

મંડપ મુહુર્ત કીયા ભલી, મંહીર માંહી થાય,
સન્નારીઓ ટોળે મળી, જોવાને ઉભરાય.
જોવાને ઉભરાય
અનીહાંરે જોવાને ઉભરાય.
નવ કોથી ત્યાં પહોંચાય.
જ્યાં રૂડી કીયા થાય.
મંદિર મંડપની માંય—લગન વીધી તણી.
છુટયા વણીકજનો બહુ
નાના મોટા મળી સહુ
આવે સુરત શહેરે કહું—લગન જોવાને.

સાખી.

ચૈતર સુદ ચૌદસ તણો, રૂડો દીવસ રળીયાત.
મોસાળું કીધું પ્રેમથી, રૂમાલવાળે ભલીભાત.
રૂમાલવાળે ભલીભાત
અનીહાંરે ભલીભાત.
નહીં જુવે ન્યાત જાત,

આવે લોકો વિવીધભાત.
ટોળે મળી આખી રાત—ટોળેટોળા થઈ.
વિવિધ ધામના મહારાજન,
નિરખે તેને શહેરીજન,
કરે વિચાર સૌ કો મન—આ કયાંના રાજન.

સાખી.

એમ કરતાં આવીઓ, શુભ ઘડી !શુભ દન,
ચૈત્ર વદ પડવો ભલો, ઓગણીશ છાંસઠસન.

ઓગણીસ છાંસઠ સન,
અનીહાંરે છાંસઠ સન.
લોકોને પુર આનંદ,
આજે શુભ લગ્નનો દન.
વાધે ઉર આનંદ આનંદ— લગ્ન દીનથી.
ચઢયા ઘોડે બળ લાલ.
સાથે બળતી મસાલ.
શોભે વહાલો વિશાળ.— પ્રેમ હર્ષ ભર્યો.

સાખી.

વરઘોડો અતી હોંસથી, નીકળ્યો હરષભેર.
વૈષ્ણવોને મન આજતો, થઇ રહી લીલા લહેર.

થઇ રહી લીલા લ્હેર,
અનીહાંરે લીલા લ્હેર
લોકો જુવે ઘેરે ઘેર,
ઘરો રસ્તા રૂઢી પેર
વરઘોડાની પડે લ્હેર— જોવા લોકોને,
જુદા જુદા દેસો માંય,
સઘળા મહારાજો શોભાય,
તેના દર્શન રૂડા થાય— સરવે લોકને.

સાખી.

એ રીતે વરઘોડો ગયો, વીઠલવાડી માંય.
ત્યાં જઇ સહુ છુટા પડયા, જ્યાં લગન વીધી તો થાય.
લગ્ન વીધી તો થાય.
અનીહાંરે વીધી થાય,
જ્યાં અન્ય કો નવ જાય.
મળ્યાં ટોળે સહુ કો રાય,
હરત મેળાય ત્યાં તો થાય.—લાલબાવા તણા.
સ્ટોર પોપા જે સરદાર,
સાથે ભરતીયા પણ ધાર.
પ્રાણજીવનને નવ વીસાર—આ શુભ કામમાં.

સાખી.

આ હર્ષના ઉમંગમાં, જમશે વણીક મહાજન.
ધન્ય ધન્ય વૈશ્નવને અતી, ધન્ય શુભ પ્રસંગ.